**વી. એસ. ગણેશવાલા**

**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**
**વાટીકા ટાઉનશીપ સામે,**
**કુંભાલ,સુરત.**
**ફોન નં.૨૩૩૧૯૦૩/૯૦૪**

નં. સા.ઈ.ઝોન/આઉટવર્ડ/૨૯૯૮
તારીખ : ૦૮ /૦૮/૨૦૨૪

**–:સંમતિ પત્રક:–**

**પ્રતિ,**

**વિષય :–** સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આવેલ ટી.પી. સ્કીમ નં. ટી.પી. સ્કીમ નં.૩૩(કુંભાલ), ટી.પી. સ્કીમ નં.૩૪(કુંભાલ–મગોબ), ટી.પી. સ્કીમ નં.૬૪(મગોબ–કુંભાલ) તથા કુંભારિયા ગામતળના વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકા હસ્તકની વિવિધ શાળાઓમાં મરામત અને નિભાવ કરવાનું કામ.

**સંદર્ભ :–** ૧)સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૭૩૩/૨૦૨૩ તા.૦૨/૧૧/૨૦૨૩ થી મંજુર ટેન્ડરના યુનિટ રેટના ભાવે અને શરતે.
**૨)** મા.ડે.કમિશનરશ્રીની તા.૨૯/૦૭/૨૦૨૪ ની મંજુરી અન્વયે.

**મહાશય,**

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આવેલ ટી.પી. સ્કીમ નં. ટી.પી. સ્કીમ નં.૩૩(કુંભાલ), ટી.પી. સ્કીમ નં.૩૪(કુંભાલ–મગોબ), ટી.પી. સ્કીમ નં.૬૪(મગોબ–કુંભાલ) તથા કુંભારિયા ગામતળના વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકા હસ્તકની વિવિધ શાળાઓમાં મરામત અને નિભાવ કરવાના કામે સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૭૩૩/૨૦૨૩ તા.૦૨/૧૧/૨૦૨૩ થી મંજુર ટેન્ડરના યુનિટ રેટના ભાવે અને શરતે **રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ.**(જી.એસ.ટી. સહિત) ની મર્યાદામાં સદરહું કામગીરી કરવા તમો રસ ધરાવતા હોવ, તો આપનુ ઇ.એમ.ડી રૂા.૫,૦૦૦.૦૦ સહિતનું સંમતિપત્રક **તા.૨૨/૦૮/૨૦૨૪** સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતુ કરશો.

**–: શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૫,૦૦૦ /– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે સમાન કાર્યો સફળતા પૂવર્ક પૂર્ણ કર્યાનો અનુભવનાં સર્ટીફીકેટ (ફોર્મ –૩(A) ) સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૫. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૭. સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૭૩૩/૨૦૨૩ તા.૦૨/૧૧/૨૦૨૩ થી મંજુર ટેન્ડરના યુનિટ રેટના ભાવે અને શરતે ટેન્ડરના પ્રાઈઝબીડ અને ટેકનીકલ બીડની શરતોને ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે.

૮. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રેહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૯. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાનાં રેહેશે.

૧૦. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૧. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૨. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detiled Technical Specification મુજબ કરવાની રહેશે.

૧૩. આ કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦ (દસ) પુરા થયેથી ૦૩(ત્રણ) માસની ગણવાની રહેશે.

--Sd--

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૨–૧૧–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૫–૧૦–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૮૧૦ થી વિદિત થઈ, નોર્થ ઝોન, જુના વિસ્તારમાં આવેલ વિવિધ મ્યુનીસીપલ બિલ્ડીંગોમાં વાર્ષિક ધોરણે મરામત અને નિભાવ કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર હિતેશ જે. પટેલનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૫૨,૧૧,૬૩૯–૬૩ થી ૩૪.૯૫% નીચુ એટલે કે રૂા.૩૩,૯૦,૧૭૧–૫૮ નું બિનશરતી ટેન્ડર કબુલ રાખવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું તથા સદર ટેન્ડરના ભાવોને આગામી ૧ વર્ષ સુધી અથવા નવા યુનિટ રેઈટ ટેન્ડર મંજુર ન થાય ત્યાં સુધી એ બે માંથી જે વહેલુ હોય ત્યાં સુધી યુનિટ રેઈટ તરીકે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

AMC / E.E. / DY. MOH (NZ)

ADD. C.E. (N.Z)

ઠરાવ નં.૧૭૩૩/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

Received On
Dt. 4-11-23

નં. સીસ્થા/ક 1051
તા. 4/11/2023

HDP.

AE (RAC) W/OS

OS

નોર્થ ઝોન/ઈનં. જાવક
તા. 6/11/2023

શ્રી. ર. પરમાર
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. ૩–૧૧–૨૦૨૩.

ACE

Ex Engr NZ

DB (A/B/C/D/E/F/G/P.A.)
RO/ALO/PO/S.O.(A.E.)/Dy.M.O.H.

Executive Engineer
North Zone (Katargam)

આર.એ.સી./ર/ક/ ૧૧૯૯
તા. ૦૭/૧૧/૨૩

A.E. Hemantbhai
07/11/23